


# ખુમારીથી જીવતી સ્ત્રીઓ: સમાજની અજાણી શૂરવીરાઓ

વિશ્વ મહિલા દિવસ આવે એટલે સમાજમાં સન્માન કરવા માટે કોઈ ને કોઈ રીતે સફળ મહિલાઓની શોધ શરૂ થઈ જાય. જે સ્વયંને સમાજ સમક્ષ સફળ પુરવાર કરી શકી હોય તે તો સન્માનને પાત્ર છે જ પરંતુ સમાજમાં ઘણી એવી મહિલાઓ પણ છે, જેઓ વિધવા છે, શરીરે અશક્ત છે, જીવનના અનેક ઘા સહન કર્યા છે - પણ તેમ છતાં ખુમારી અને આત્મસન્માન સાથે ઘર-પરિવારમાં સામાન્ય જીવન જીવતી હોય છે. તેમનાં જીવનમાં સંઘર્ષ છે, જવાબદારીઓ છે, એકલતાનો ભાર છે છતાં તેઓ ‘દયા’ નહીં, ‘ગૌરવ’ માંગે છે. તેઓ સહાનુભૂતિ નહીં, સન્માનની અધિકારી છે.

એક વિધવા સ્ત્રી માટે પતિનું અવસાન માત્ર વ્યક્તિગત દુઃખ નથી, તે આર્થિક, સામાજિક અને માનસિક ઝટકો પણ છે. તેમાં પણ જો તે નિ:સંતાન અને શરીરે અશક્ત હોય તો આ પડકાર બમણો થઈ જાય છે અને જો બાળકોની જવાબદારી હોય તો દરેક દિવસ એક યુધ્ધ સમાન લાગે. અકાળે યુવાવયે વિધવા થવું એ સામાજિક પડકારો સામે દરરોજનો જંગ બની જાય છે. છતાં આવી મહિલાઓ જીવનનો જંગ જીતવા માટે મક્કમ પગલાં ભરે છે- કોઈ નોકરી કરીને, કોઈ ઘરેથી કામ કરીને, કોઈ નાના વ્યવસાયથી અને બાળકોને શિક્ષણ તથા સંસ્કાર આપી જીવનમાં આગળ વધવા પ્રેરણા આપે છે. આવી મહિલાઓનું જીવન તેમનાં સંતાનો અને સમાજ પર ઊંડો પ્રભાવ પાડે છે. સૌ પ્રથમ તેઓ ‘દયાપાત્ર’ની માન્યતા તોડી નાંખે છે. તેઓ સાબિત કરે છે કે પરિસ્થિતિઓ માણસને નબળો નહીં, મજબૂત પણ બનાવી શકે. બીજું, તેઓ સંતાનોને સંઘર્ષની સાચી પાઠશાળા આપે છે. આવી માતાનાં સંતાનો ઘણી વાર વધુ સંવેદનશીલ, જવાબદાર અને મક્કમ બને છે. ત્રીજું, તેઓ સમાજમાં સ્ત્રીશક્તિનું જીવંત ઉદાહરણ છે કે સ્ત્રી માત્ર આધાર માંગતી નથી, આધાર બની પણ શકે છે. આવી ખુમારીથી જીવતી સ્ત્રીઓ સમાજની અજાણી શૂરવીરાઓ છે. તેઓ ઘરની દીવાલો વચ્ચે યુધ્ધ લડે છે અને હાર સ્વીકારતી નથી. આપણી આજુબાજુ પરિવાર, મિત્રોમાં પણ આવી અનેક શૂરવીરાઓને આપણે જોતા હોઈશું છતાં ક્યારેય તેમની શૂરવીરતાને પોંખી નહી હોય. તેમને ‘બિચારી’ અને ‘દયાનું પાત્ર’ બનાવી રાખી હશે પણ તેની શૂરવીરતાને અંદરથી સમજી જ નહીં હશે કારણ કે આપણે એને સામાન્ય સમજીને દયા બતાવી આપણી સારાઈને લોકો સમક્ષ ચિત્રિત કરવા જ ટેવાયેલા છીએ. ક્યારેક એમના જીવનને સ્વયં જીવી જુઓ તો જ સમજાશે તેમના માનસિક-શારીરિક-આર્થિક, સામાજિક અને પારિવારિક સંઘર્ષો... આજે આપણી આસપાસની આવી મહિલાઓના સંઘર્ષોને બિરદાવીએ. શોર વગર ક્રાંતિ કરનાર મહિલાઓને દયા નહીં ગૌરવથી જોઈને વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરીએ.

## કેસ:1 (ઈ.સ.2008)

એક યુવાન, શિક્ષિત, આધુનિક સ્ત્રી સાક્ષી મને જાહેર મંચ પર મળવા આવી. તેણે મારા વિચારોને, કાર્યને, વકતવ્યને ખૂબ બિરદાવી અને મારી સાથે આવાં કાર્યોમાં જોડાવા માટે ઈચ્છા પ્રગટ કરી. પછી અમે અવારનવાર સમાજસેવાનાં કાર્યમાં સાથે મળવા લાગ્યાં. તેના જણાવ્યા મુજબ તેના પતિ દુબઈમાં ઊંચા હોદ્દા પર નોકરી કરતા હોય તે તેનાં બે બાળકો સાથે અહીં ફ્લેટ ભાડે લઈ એકલી રહે છે. બાળકોના શાળા વેકેશન દરમ્યાન તે દુબઈ બે મહિના રહી આવે છે. ક્યારેક દિવાળી વેકેશનમાં પણ જતી રહે છે. એક વર્ષ એણે મારી સાથે કાર્ય કર્યું તે દરમ્યાન તેણે અનેક વાર સ્વયંના સંઘર્ષોની વાત કરી. એકલી સ્ત્રી માટે શારીરિક અને માનસિક સુરક્ષા એક મોટો મુદ્દો છે .તેના જ પરિવારના, આડોશપાડોશ તેની સાથે એકલી સમજી મદદ કરવાના બહાને અયોગ્ય વર્તન કરતા, અનિચ્છનીય સંબંધોની ઓફર કરતાં અને ક્યારેક તો દબાણ કરતા. ‘એકલી બહાર ક્યાં જાય છે?’ ‘મોડે સુધી બહાર શું કરે છે?’ આવું પીઠ પાછળ બોલીને મારા સુધી પહોંચાડવું, સતત સહાનુભૂતિથી થાક, અતિ સંવેદનશીલ કે અશ્લીલ વાતો અને વર્તનથી ભય... લાગે છે’’ આમ કહી તે ખભે માથું મૂકીને રડી પડી. તે દિવસે સાક્ષીએ મને સત્યથી વાકેફ કરી કે તેનો પતિ દુબઈ નથી, તે તો મૃત્યુ પામ્યો છે. ભરયુવાનીમાં અકસ્માતમાં પતિને ગુમાવ્યા પછી પોતાના જ પરિવારમાં અનેક ખરાબ નજર- સ્પર્શથી થાકીને અજાણ્યા શહેરમાં પતિના દુબઈ હોવાનું સુરક્ષા કવચ પહેરી બાળકોને મોટા કરવા માંગતી હતી. પતિ આર્થિક સલામતી આપી ગયો હતો, વળી તે પણ સારું કમાઈ લેતી હતી પરંતુ



**એકલી સ્ત્રી માટે શારીરિક અને માનસિક સુરક્ષા એક મોટો મુદ્દો છે. તેના જ પરિવારના, આડોશપાડોશ તેની સાથે એકલી સમજી મદદ કરવાના બહાને અયોગ્ય વર્તન કરતા, અનિચ્છનીય સંબંધોની ઓફર કરતાં અને ક્યારેક તો દબાણ કરતા**

સમાજની માનસિકતાથી તે કંટાળી ગઈ હતી. કોઈ તેને બિચારી કહે, કોઈ શંકાની નજરે જુએ, કોઈ તેને ઉપભોગની દૃષ્ટિએ જુએ. હાલ તે જ્યાં રહેતી હતી ત્યાં તેના પાડોશનાં બાળકો સાથે તેનાં બાળકો ખૂબ હળીભળી ગયાં હતાં. જેથી તે પણ તેઓ સાથે સારી રીતે ભળવા લાગી પરંતુ થોડા જ સમયમાં પાડોશી પુરુષે તેનો રંગ બતાવવો શરૂ કર્યો. આજે તો તે પુરુષે તેને લિફ્ટમાં જ દબોચી દીધી અને હજી પેલી વિરોધ કરે એ પહેલાં લિફ્ટ ખૂલી અને તે પુરુષની પત્ની સામે જ ઊભી હતી. તે પતિ-પત્નીએ ઘરમાં જઈ જે વાત કરી હશે તે, પણ થોડી જ વારમાં તેની પત્નીએ આવીને સાક્ષીને ગમે તેવા શબ્દો સાથે ગંદા આક્ષેપો કર્યા. જેથી સાક્ષી ભાંગી પડી અને રાતોરાત ઘર બદલી લીધું. થોડા સમય બાદ તે સુરત છોડીને પણ જતી રહી. આજે પણ તે મારા માનસપટ પર અકબંધ છે. સાક્ષીનો મૂળ ડર ‘એકલી હોવાનો’ નહોતો. મૂળ ડર- અસુરક્ષાનો, સમાજની નબળી માનસિકતાનો, શંકાભરી દૃષ્ટિનો, અપમાનનો, અસ્વીકારનો, અનાવશ્યક દખલનો, પોતાનાં બાળકો પર ખોટી છાપ પડવાનો હતો.

## કેસ 2:- ઈ.સ.2020

કાશ્મીરા અને દીપનાં 10 વર્ષના લગ્ન જીવનમાં તેમને સંતાનપ્રાપ્તિ નહોતી થઈ. જે કારણે બંનેનું જીવન એકમેક પ્રત્યે કટુતાભર્યું રહ્યું હતું. ત્યાં જ અચાનક દીપનું હાર્ટફેલ થવાથી મૃત્યુ થયું. કાશ્મીરાને પણ શારીરિક ઘણા પ્રશ્નો હતા, જે ધીમે ધીમે વકરતા ગયા. દર અઠવાડિયે ડાયાલીસીસ, શુગર, બ્લડપ્રેશર, જેવા રોગો ઘર કરી ગયા હતા. છતાં એકલા હાથે કોઈની દયાપાત્ર બનવા કરતાં સ્વયંને આનંદ આપવાનું શરૂ કર્યું. એકલા જ ઓલાની મદદથી ફરવા જવું, મહિલાઓની કીટી-સત્સંગ- યોગા જેવા ગ્રુપમાં જવા લાગી. પોતાના કૌશલ્યને નિખારીને ઘરમાં જ અવનવી વસ્તુઓ બનાવી વેચવા લાગી. પૈસા જમા થાય એટલે જાત્રા-યાત્રાએ નીકળી જતી. પોતાના ઘરની ચાવી અનેક સ્ત્રીમિત્રોને આપી રાખી કે અચાનક કંઈ થઈ જાય તો તેઓ ઘર ખોલીને આવી શકે. પોતાની આર્થિક-માનસિક-શારીરિક તમામ સુરક્ષાઓનું સરસ રીતે પ્લાનીંગ કર્યું. રોજ સાંજે એપાર્ટમેન્ટનાં બાળકોને 2 કલાક ફ્રી ટ્યુશન આપવાનું શરૂ કર્યું. સ્વયંના સપનાં જીવતી થઈ. તેના જીવનમાં સંઘર્ષ છે, એકલતાનો ભાર છે છતાં તે દયા નહીં ગૌરવ માંગે છે. તે સહાનુભૂતિ નહીં, સમ્માનની અધિકારી છે.

### આવી સમાજની અજાણી શૂરવીરાના જીવનમાંથી મળતી શીખ:

1. આત્મસન્માન:- જ્યારે બધું તૂટે ત્યારે પણ પોતાની અંદરની શક્તિ ઉપર વિશ્વાસ રાખવો.
2. જવાબદારી સ્વીકારવાની હિંમતઃ પરિસ્થિતિને દોષ આપતા રહેવાને બદલે, તેને સ્વીકારી આગળ વધવું.
3. સંસ્કારનું બીજ વાવવું:- સ્વતંત્રતા અને સંવેદનાની વચ્ચે સંતુલન રાખવું.

### સમાજ તરીકે આપણે તેમનું સન્માન કરીએ:

1. માનસિક સન્માન:- તેમને ‘બિચારી’ નહીં, મક્કમ સ્ત્રી તરીકે ઓળખવી.
2. આર્થિક અને વ્યાવસાયિક તક:- સ્વરોજગાર, તાલીમ, તેના દ્વારા થયેલ વસ્તુઓના વેચાણને માર્કેટ આપવી.
3. સામાજિક સ્વીકાર:- અપશુકન અને અશુભ માન્યતા દૂર કરી, સામાજિક શુભ પ્રસંગોમાં કેન્દ્રનું સ્થાન આપવું.
4. પ્રેરણારૂપ માન્યતા:- આવી મહિલાઓના જીવનસંઘર્ષની વાતો શાળા- સમૂહોમાં સંભળાવી તેમને ‘રોલ મોડેલ’ તરીકે રજૂ કરવી.

સમય બદલાઈ રહ્યો છે. આજે ઘણી સ્ત્રીઓ ખુમારીથી પોતાની ઓળખ સ્વીકારી રહી છે. તેઓ કહે છે- ‘‘મારી સ્થિતિ મારી ઓળખ નથી. મારી શક્તિ મારી ઓળખ છે.’’

આવી ખુમારીથી જીવતી ગંગાસ્વરૂપ સ્ત્રીઓ સમાજની અજાણી શૂરવીરાઓ છે. જે માત્ર પોતાનું નહીં- સમગ્ર સમાજનું માન વધારતી હોય છે. આ સ્ત્રીઓ ‘એકલી’ નથી- તે પોતાની અંદર આખું વિશ્વ લઈને ચાલે છે. સમાજમાં ખુમારીથી જીવતી આવી તમામ અજાણી શૂરવીરાને વિશ્વ મહિલા દિવસે શત શત નમન.

Instagram@gita.shroff